ક્રમાંક: ગુજકા/વેટ-૮૬/૧૫-૧૬/જા.૧૭૮/૧૫૩

વાણિજ્યિક વેરાકમિશનરની કચેરી,
(કાયદા શાખા),ગુજરાત રાજય,
એ/૫, રાજય કર ભવન,
આશ્રમરોડ,અમદાવાદ-૩૮૦૦૦૯
તારીખ : ૬ /૦૧/૨૦૧૬

ગુજરાત વાણિજ્યિક વેરા
Gujarat Commercial Tax

# જા હે ર પ રિ પ ત્ર

વિષય: ઇલેકટ્રોનીક પદ્ધતિથી વેરો ભરવા અંગે

સંદર્ભ: ૧) જાહેર પરિપત્ર ક્રમાંક: ગુજકા/વેટ-૮૬/૨૦૦૮-૦૯/જા.૭૦/૬૩ તા.૯/૩/૨૦૦૯

ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા નિયમો,૨૦૦૬ ના નિયમ-૨૬ ના પેટા નિયમ-(૧) ના કલોઝ-(સી) માં કરવામાં આવેલ જોગવાઇ મુજબ વાણિજ્યિકવેરા કમિશનર વેરો ભરવા અંગેની ઇલેકટ્રોનીક પદ્ધતિ અમલમાં મૂકી શકે છે. જે અન્વયે સંદર્ભ હેઠળના જાહેર પરિપત્ર દ્વારા નાણાંકીય વર્ષમાં સ્થાનિક કાયદા હેઠળ રૂા.૧૦ લાખથી વધુ વેરો ભરેલ હોય અથવા ભરવાપાત્ર હોય તેવા વેપારીઓ માટે ઇલેકટ્રોનીક પદ્ધતિથી વેરાનું ચૂકવણું ફરજીયાત કરવામાં આવેલ.

ઇલેકટ્રોનીક પદ્ધતિથી વેરાના ચુકવણાંની સવલતને પરિણામે વેપારી વર્ગ દ્વારા ગમે તે સમયે, ગમે તે સ્થળેથી અને બેન્કમાં રૂબરૂ ગયા વગર વેરાની ચુકવણી થઇ શકે છે. જે દ્વારા સમય,શ્રમ અને સ્ટેશનરીનો વ્યય અટકે છે. ઉપરાંત ભરેલ ચલણની વિગતોમાં ચેડાં કરી આચરવામાં આવતી ગેરરીતિઓ ટાળી શકાય છે.

ઉકત બાબતો ધ્યાને લેતાં ઇલેકટ્રોનીક પદ્ધતિથી વેરાના ચુકવણાંની સવલતનો વ્યાપ વધે તે હિતાવહ છે. આથી કોઇ એક ટેકસ પીરીયડમાં ભરવાપાત્ર કુલ રકમ (વેરા, વ્યાજ અને દંડ સહિત) રૂા.૫૦૦૦૦/- (રૂપિયા પચાસ હજાર) થી વધુ હોય ત્યારે આવું ચુકવણું ઇલેકટ્રોનીક પદ્ધતિથી ફરજીયાત કરવાનું રહેશે. આ જોગવાઇનો અમલ ડિસેમ્બર-૨૦૧૫

માસ/ત્રિમાસના ભરવાપાત્ર થતાં વેરા, વ્યાજ અને દંડ સહિતની રકમો એટલે કે તા.૨૨/૧/૨૦૧૬ સુધીમાં ભરવાપાત્ર થતાં વેરા તેમજ ત્યારબાદના તમામ ટેકસ પીરીયડ માટે ભરવાપાત્ર થતાં વેરા, વ્યાજ અને દંડ સહિતની રકમો માટે અમલમાં આવે છે.

ઉપર જણાવ્યા સિવાયના વેપારીઓ પણ સ્વૈચ્છિક રીતે ઇલેકટ્રોનીક પદ્ધતિથી વેરો ભરી શકશે. વેપારીઓના માર્ગદર્શન અને સરળતા માટે ઇલેકટ્રોનીક પદ્ધતિથી વેરો ભરવા માટેની માર્ગદર્શિકા આ સાથેના પરિશિષ્ઠમાં દર્શાવેલ છે.

ઇલેકટ્રોનીક પદ્ધતિથી વેરાનું ચુકવણું કરવાની મુદ્દત માટે નિયમ-૨૬ માં જણાવ્યા પ્રમાણેની જોગવાઇઓને અનુસરવાનું રહેશે. આ વેરો ભરવાની પદ્ધતિ નિયમ-૨૬ ના પેટા નિયમ-(૧) ના કલોઝ-(સી) ની જોગવાઇ મુજબ નિયત થયેલ છે જેથી ઉપર જણાવેલ વેપારીઓ દ્વારા આ પદ્ધતિ મુજબ વેરો ભરવામાં કસુર થયેથી તેમની સામે કાયદા અને નિયમોના ભંગ બદલ જરૂરી કાર્યવાહી કરવામાં આવશે.

આ પરિપત્રની સબંધિત સર્વેએ નોંધ લેવી.

સહી/-
(પી.ડી.વાઘેલા)
વાણિજ્યિક વેરા કમિશનર
ગુજરાત રાજ્ય , અમદાવાદ

નકલ સવિનય રવાના : (માર્ગદર્શન તથા જરૂરી કાર્યવાહી સારૂ)

૧. સંયુકત સચિવશ્રી (કર) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગરને બે નકલમાં
૨. વાણિજ્યિક વેરા કમિશનરશ્રીના રહસ્ય સચિવશ્રી, અમદાવાદને
૩. ખાસ વાણિજ્યિક વેરા કમિશનરશ્રીના રહસ્ય સચિવશ્રી, અમદાવાદને
૪. અધિક વાણિજ્યિક વેરા કમિશનરશ્રીના અંગત મદદનીશશ્રી, અમદાવાદને
૫. સઘળા અધિક / સંયુકત વાણિજ્યિક વેરા કમિશનરશ્રી તરફ
૬. સઘળા નાયબ વાણિજ્યિક વેરા કમિશનરશ્રી તરફ
૭. સઘળી વાણિજ્યિક વેરા કચેરી તરફ
૮. દસ નકલ મહામાત્ર તાલીમ શાળાને
૯. દસ નકલ દફતર શાખાને
૧૦. દસ નકલ જનસંપર્ક શાખાને
૧૧.આ કચેરીની સઘળી શાખાઓને
૧૨.એકાઉન્ટ જનરલ અમદાવાદ તરફ
૧૩.ઇ-ગવર્નન્સ શાખાને વેબસાઇટ પર મુકવા અર્થે
૧૪.સઘળા નોંધાયેલ વેપારી મંડળો /એસોસીએશન તરફ

સંયુકત વાણિજ્યિક વેરા કમિશનર (કાયદા)
ગુજરાત રાજય, અમદાવાદ

# E PAYMENT કરવા અંગેની માર્ગદર્શિકા

જે વેપારી ખાતાની વેબસાઇટ ઉપરથી પોતાના ટેક્ષનું પેમેન્ટ કરવા માંગતા હોય તેણે નીચે મુજબની પદ્ધતિ અનુસરી ONLINE PAYMENT કરવાનું રહેશે.

૧) ડીલર ખાતાની વેબસાઇટ www.commercialtax.gujarat.gov.in ખોલનાની રહશે.

૨) વેબસાઇટ પર Login ID અને Password નાખશે, ત્યારબાદ ડાબી બાજુ મેનું ખુલતા **e-Payment link** ઉપર ક્લીક કરશે.

3) ડીલર **cyber treasury** ની વેબસાઇટ આ પ્રકારે ખોલશે.

**અથવા**

૪) ડીલર સીધીજ https://www.cybertreasury.gujarat.gov.in વેબસાઇટ ખોલશે અને ત્યારબાદ Login ID અને Password નાખી enter થશે. .

૫) **Cyber Treasury** ની સાઇટ પર **e-Challan** નું **Link Select** કરવાનું રહેશે.

૬) **Link Select** કરતા નવા **Page** પર ભરવાપાત્ર વેરા અંગેની વિગતો દર્શાવતું ફોર્મ ખુલશે, આ ફોર્મમાં તેમણે ભરવાના થતા **Payment** (વેરો/વ્યાજ/દંડ) ની (ચલણના નમુના મુજબ) વિગતો ભરવાની રહશે.

૭) આ બાદ તેમણે બેંક સીલેક્ટ કરવાની રહશે. આ બેંક **e-Payment** માટે એનેબલ કરેલ બેંકો પૌકીની જ બેંકોમાની હોવી જોઇશે.

૮) બેંક સીલેક્ટ કર્યેથી બેંક કે જે **e-payment** માટે એનેબલ કરેલ હશે તે, પોતાની વેબસાઇટ પર ડીલરને લઇ જશે.

૯) ડીલર બેંકની સાઇટ ઉપર પોતાના **Internet banking account** ના **User ID** અને **password** થી **login** કરશે.

૧૦) બેંક દ્વારા ડીલરને **authentication** કર્યેથી, તેણે કરવાના થતા **e-Payment** (કે જે તેણે અગાઉના ચલણના નમૂનામાં વિગતો ભરેલ છે તે,) ની વિગતો **display** કરવામાં આવશે.

૧૧) ત્યાર બાદ ડીલર, તેનું **Internet Banking Account** નંબર સીલેકટ કરશે.

૧૨) આ રીતે ડીલરના **Internet Banking** ના **debit Account** માંથી, **Online Payment** ની રકમ બેંક મારફત સરકારશ્રીના ખાતામાં તબદિલ થશે.

૧૩) **Online Payment** નું **transaction Successfully** પૂર્ણ થયેથી, વેપારીને તેની પહોંચ **Unique Challan Identification Number (C.I.N)** સાથે **generate** કરી શકશે. આ પહોંચ ઇલેક્ટ્રોનિક ચલણ તરીકે ઓળખાશે.

૧૪) વેપારી, તેણે કરેલા આવા **Online Payment** ની વિગતોનું **status** વિભાગની વેબસાઇટ પર, તેના પોતાના **Login** માંથી જોઇ શકશે.